Seat No. : ______________

# MM-128

**March-2019**

**B.R.S., Sem.-IV**

**Gujarati**
**(Inter Disciplinary)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) ગાંધીયુગના સાહિત્યગુરુ લેખક શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકનો વિસ્તૃત પરિચય આપો. **14**

**અથવા**

‘જક્ષણી’ વાર્તાની સમીક્ષા કરો.

(બ) ગમે તે **ચાર** પ્રશ્નોના જવાબ લખો. **4**

(1) રા.વિ. પાઠકની વાર્તાઓ, નિબંધો અને કાવ્યો કયા-કયા ઉપનામથી પ્રસિદ્ધ થયા છે ?

(2) છંદના પ્રકાર કેટલા ? કયા કયા ?

(3) ‘ફૂલ વીણ, સખે !’ ઊર્મિગીતમાં કવિ કઈ શીખ આપે છે ? તે જણાવો.

(4) કવિ શ્રી કલાપીનું પુરૂ નામ જણાવી તેઓ કયા કયા ઉપનામથી જાણીતા થયા ?

(5) અલંકારના પ્રકાર કેટલા છે ? તે જણાવી વ્યતિરેક અલંકારનું ઉદાહરણ આપો.

(6) શાળાની વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોનાં નામ ‘રજનું ગજ’ વાર્તાને આધારે જણાવો.

2. (અ) ‘સાચો સંવાદ’ વાર્તાની વિશિષ્ટતા આલેખી તેમાં પ્રગટતો લેખકનો હેતુ સમજાવો. **14**

**અથવા**

‘ખેમી’ વાર્તાની સમીક્ષા કરી ધનિયો અને ખેમીના દામ્પત્ય જીવનનો કરુણ અંત આલેખો.

(બ) ગમે તે **ચાર** પ્રશ્નોના જવાબ લખો. **4**

(1) ‘જમનાનું પુર’ વાર્તાને આધારે વાર્તાનાયિકાના મનનો મનોરથ જણાવો.

(2) રા.વિ.પાઠક કયા સામાયિકનાં તંત્રી બન્યા હતા ?

(3) દર્દીના દર્દની પીડા વિધિનેય દીસે ખરી, અરે ! તો દર્દ કાં દે છે ? ને દે ઔષધ કાં પછી ? પ્રસ્તુત કાવ્યપંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ? કાવ્યનાં સર્જકનું નામ-ઉપનામ જણાવો.

(4) શાલિની છંદ ઉદાહરણ સહિત સમજાવો.

(5) ‘તે સૂર્ય આ લઈ ગ્રહો ફરતો ફરે છે.’ તેમજ ‘સાગરે ભાસતી ભવ્ય ભરતી’ – પંક્તિઓમાં રહેલ અલંકારના માત્ર નામ જણાવો.

(6) પ્રતિષ્ઠાસંપન્ન રાજવી કવિશ્રી કલાપીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

3. (અ) 'એક ઘા' કાવ્યમાં પ્રગટ થયેલ કવિની વેદના અને પશ્ચાતાપની લાગણી વર્ણવો. **14**

**અથવા**

કવિ કલાપીએ આગિયાને નિમિત્ત બનાવી જગતની દ્વંદ્વાત્મક પ્રકૃતિ પર સૂક્ષ્મવેધક ચિંતન કર્યું છે. – સમજાવો.

(બ) ગમે તે ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **3**

(1) કવિ શ્રી કલાપી રચિત 'પ્રવાસ' કૃતિ જણાવો.

(2) "સમાન સાથે નિરર્થક હાસ્ય અને અસમાન તરફ નિરર્થક તોછડાઈ એ આધુનિકતાનાં લક્ષણો છે." – પ્રસ્તુત વાક્ય કઈ વાર્તામાંથી લેવામાં આવ્યું છે ? તેનાં સાહિત્ય સર્જકનું નામ તથા ઉપનામ જણાવો.

(3) રા.વિ. પાઠકને કયા કયા પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા ?

(4) 'કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખુ બધી, છે આખરે તો એકલી ને એ જ યાદી આપની ?' – પંક્તિનો અર્થ સમજાવો.

(5) 'સાચો સંવાદ' વાર્તાનો મુખ્ય હેતુ શો છે ? તે જણાવો.

4. (અ) કવિ શ્રી કલાપીના જીવનની રૂપરેખા દર્શાવી એમના જીવનની એમની કવિતા પર શી અને કેટલી અસર પડી છે ? તે જણાવો. **14**

**અથવા**

'વીણાનો મૃગ' કાવ્યમાં રજૂ થયેલી ઘટનાનાં સંદર્ભમાં કલા અને ભોક્તાનાં સંબંધ વિશે કવિના વિચારો સ્પષ્ટ કરો.

(બ) ગમે તે ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **3**

(1) કપિલરાય વાર્તામાં કેવા માણસો પર કટાક્ષ કર્યો છે ? કપિલરાયને કઈ મહત્વાકાંક્ષા હતી ?

(2) ભારતીય ટૂંકીવાર્તાના મૂળ કયા કયા ગ્રંથોમાં જોવા મળે છે ?

(3) 'રજનું ગજ' રૂઢિપ્રયોગનો અર્થ વાર્તાને આધારે સમજાવો.

(4) 'વીણાનો મૃગ' ખંડકાવ્યમાં કવિએ કયા કયા છંદો દ્વારા વૃત્તવૈવિધ્ય ઊભુ કર્યું છે ?

(5) ગાંધીયુગના સાહિત્ય ગુરુ રા.વિ. પાઠકનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? તેઓનું મૂળ વતન કયું હતું ?